सत्यमेव जयते

# ગુજરાતના મંત્રીમંડળ




## ૨૦૧૭

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન
સેક્ટર-૧૦,ગાંધીનગર

# પ્રસ્તાવના

ગુજરાત રાજયની સ્થાપના તા.૧લી મે, ૧૯૬૦ ના રોજ કરવામાં આવી હતી. ગુજરાત રાજયની સ્થાપના બાદ ગુજરાતના સર્વાંગી વિકાસમાં અનેક મહાનુભાવોએ યોગદાન આપ્યું છે.

ગુજરાતની સ્થાપના થયા બાદ નિમાયેલા વિવિધ મુખ્યમંત્રીશ્રીઓ તથા તેમના નેતૃત્વ હેઠળના મંત્રીશ્રીઓએ ગુજરાતના વિકાસની ગતિને કુનેહપૂર્વક આગળ ધપાવી છે. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાથી માંડીને હાલના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સુધીના તમામ મુખ્યમંત્રીશ્રીઓ અને તેમના સાથીદાર મંત્રીશ્રીઓએ ગુજરાતને ગતિશીલ રાખવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે.

ગુજરાતે વિવિધ ક્ષેત્રે આદરેલી વિકાસકૂચ હજુ વણથંભી ચાલુ છે. ગુજરાતનું કોઈપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગુજરાતે પ્રગતિ સાધી ન હોય. ઉદ્યોગ, શિક્ષણ, રસ્તા, વીજળીકરણ, કૃષિ, સિંચાઈ, પેટ્રોકેમીકલ્સ અને આઈ.ટી. જેવા અનેક ક્ષેત્રોમાં ગુજરાત અગ્રેસર છે. ગુજરાતની સાહસિક અને ઉદ્યમી પ્રજાએ રાજકારણમાં બાહોશ નેતાઓ આપ્યા છે. આ નેતાઓના નેતૃત્વ હેઠળ રાજયે અભૂતપૂર્વ પ્રગતિ હાંસલ કરેલ છે.

આ પુસ્તકમાં ગુજરાત રાજયની સ્થાપનાથી માંડીને વર્તમાન મુખ્યમંત્રીશ્રી સુધીના તમામ મંત્રીમંડળોની માહિતી સહિત મંત્રીઓને ફાળવેલ વિષયો,મંત્રીઓ રાજયના જે જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હતા તે જિલ્લો આપેલ છે.

આ પુસ્તકનું સંપાદન વિધાનસભા સચિવાલય પાસે ઉપલબ્ધ રેકર્ડ, સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા બહાર પાડવામાં આવેલ અધિસૂચનાઓ તથા અન્ય સંબંધિત દસ્તાવેજોને આધારે કરવામાં આવેલ છે. ઓગસ્ટ, ૨૦૧૭ સુધીની મંત્રીમંડળની અધિસૂચનાઓની માહિતી સદરહુ પુસ્તિકામાં આમેજ કરવામાં આવેલ છે.

આ પુસ્તકને પ્રગટ કરવા માટે દિશાસૂચન આપનાર માન.અધ્યક્ષશ્રી રમણલાલ વોરાનો હું ઋણ સ્વીકાર કરૂં છું. આ પુસ્તકને માહિતીપ્રદ બનાવવા માટે માન.અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી એન.એલ.વણકર, નાયબ સચિવશ્રી ચેતન પંડયા અને શ્રી કે.એમ.ભટ્ટ, ઉપ સચિવશ્રી એમ.આઈ.મહેતા અને શ્રી મેરામણભાઈ કરંગીયા, સેકશન અધિકારીશ્રી પ્રવિણભાઈ પ્રજાપતિ તથા વિધાનશાખા–૧ ના કર્મચારીઓએ જે સહકાર આપેલ છે તે સૌ માટે હું આભારની લાગણી વ્યકત કરૂ છું.

આ પુસ્તક તૈયાર કરવામાં સહકાર આપનાર ગુજરાત સરકારના અધિકારીશ્રીઓ તથા સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગરનો પણ આભાર માનું છું.

મને આશા છે કે આ પુસ્તક ગુજરાત વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓ, મુલકી સચિવાલયના વિભાગોના અધિકારીઓ, રાજયના બોર્ડ/કોર્પોરેશનના અધિકારીઓ, રાજયની યુનિવર્સિટીના પદાધિકારીઓ/અધિકારીઓ, જાહેર જીવન સાથે સંકળાયેલી સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ તથા આ વિષયમાં રસ ધરાવતા સૌ કોઈને ઉપયોગી નીવડશે.

**ડી.એમ.પટેલ**

**સચિવ**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**



## શ્રી રમણલાલ વોરા

**માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા**

# અનુક્રમણિકા


| ક્રમ | વિધાનસભા | મંત્રીમંડળ | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | પ્રથમ વિધાનસભા | પહેલું મંત્રીમંડળ | ૧ |
| ૨ | દ્વિતીય વિધાનસભા | બીજું મંત્રીમંડળ | ૨ |
| ૩ | | ત્રીજું મંત્રીમંડળ | ૩ |
| ૪ | | ચોથું મંત્રીમંડળ | ૪ |
| ૫ | | પાંચમું મંત્રીમંડળ | ૫ |
| ૬ | તૃતીય વિધાનસભા | છઠ્ઠું મંત્રીમંડળ | ૬ |
| ૭ | | સાતમું મંત્રીમંડળ | ૮ |
| ૮ | ચોથી વિધાનસભા | આઠમું મંત્રીમંડળ | ૯ |
| ૯ | | નવમું મંત્રીમંડળ | ૧૧ |
| ૧૦ | પાંચમી વિધાનસભા | દસમું મંત્રીમંડળ | ૧૨ |
| ૧૧ | | અગિયારમું મંત્રીમંડળ | ૧૩ |
| ૧૨ | | બારમું મંત્રીમંડળ | ૧૪ |
| ૧૩ | છઠ્ઠી વિધાનસભા | તેરમું મંત્રીમંડળ | ૧૬ |
| ૧૪ | સાતમી વિધાનસભા | ચૌદમું મંત્રીમંડળ | ૧૭ |
| ૧૫ | | પંદરમું મંત્રીમંડળ | ૧૮ |
| ૧૬ | | સોળમું મંત્રીમંડળ | ૨૦ |
| ૧૭ | આઠમી વિધાનસભા | સત્તરમું મંત્રીમંડળ | ૨૧ |
| ૧૮ | | અઢારમું મંત્રીમંડળ | ૨૬ |
| ૧૯ | | ઓગણીસમું મંત્રીમંડળ | ૨૭ |
| ૨૦ | નવમી વિધાનસભા | વીસમું મંત્રીમંડળ | ૨૯ |
| ૨૧ | | એકવીસમું મંત્રીમંડળ | ૩૧ |
| ૨૨ | | બાવીસમું મંત્રીમંડળ | ૩૩ |
| ૨૩ | | ત્રેવીસમું મંત્રીમંડળ | ૩૫ |
| ૨૪ | દસમી વિધાનસભા | ચોવીસમું મંત્રીમંડળ | ૩૮ |
| ૨૫ | | પચ્ચીસમું મંત્રીમંડળ | ૪૧ |
| ૨૬ | અગિયારમી વિધાનસભા | છવ્વીસમું મંત્રીમંડળ | ૪૩ |
| ૨૭ | બારમી વિધાનસભા | સત્તાવીસમું મંત્રીમંડળ | ૪૬ |
| ૨૮ | તેરમી વિધાનસભા | અઠ્ઠાવીસમું મંત્રીમંડળ | ૪૮ |
| ૨૯ | | ઓગણત્રીસમું મંત્રીમંડળ | ૫૦ |
| ૩૦ | | ત્રીસમું મંત્રીમંડળ | ૫૨ |
| ૩૧ | – | પરિશિષ્ટ | ૫૫ |
| ૩૨ | – | અનુસૂચિ–૧ | ૫૯ |
| ૩૩ | – | અનુસૂચિ–૨ | ૬૨ |
| ૩૪ | – | અનુસૂચિ–૩ | ૬૪ |

# પહેલું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- ડો.જીવરાજ નારાયણ મહેતા**

**સમયગાળો:- તા.૧-૫-૧૯૬૦ થી તા.૭-૩-૧૯૬૨**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>ડો. જીવરાજ નારાયણ મહેતા | અમરેલી | સામાન્ય વહીવટ વિભાગ, આયોજન અને નાણા. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી રસીકલાલ ઉમેદચંદ પરીખ | સુરેન્દ્રનગર | ગૃહ, માહિતી, જમીન, વસવાટ નિયંત્રણ અને બંદરો. |
| ૨ | શ્રી રતુભાઇ મૂળશંકર અદાણી | જૂનાગઢ | સહકાર, સર્વોદય, કુટીર ઉદ્યોગ, કોમ્યુનીટી પ્રોજેક્ટ, પંચાયતો, ડીસ્ટ્રીક્ટ લોકલ બોર્ડ, હાઉસીંગ, માર્ગ અને મકાનો, જળસંપત્તિ અને શ્રમ. |
| ૩ | શ્રી માણેકલાલ સી.શાહ | અમદાવાદ | આરોગ્ય,મત્સ્યોદ્યોગ, પ્રિન્ટીંગ પ્રેસ, નાગરિક પુરવઠો, મ્યુનિસિપાલીટીસ, માર્ગ વાહનવ્યવહાર, ઉદ્યોગ, વીજળી અને જેલ. |
| ૪ | શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ | સુરત | કાયદો, ન્યાયતંત્ર, શિક્ષણ, કૃષિ, વન, નશાબંધી અને આબકારી, સમાજ કલ્યાણ અને પુનર્વસન. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રેમજીભાઇ ભવાનજીભાઇ ઠક્કર | કચ્છ | માર્ગ અને મકાન, હાઉસીંગ અને બંદરો.<br>ઉક્ત વિષયો ઉપરાંત તા.૧૫-૪-૬૧થી નાની સિંચાઇ, ટ્યુબવેલ અને પૂર નિયંત્રણ. |
| ૨ | શ્રી જશવંતલાલ એસ.શાહ | વડોદરા | સહકાર, સર્વોદય, કોમ્યુનિટી પ્રોજેક્ટ અને કુટીર ઉદ્યોગ. |
| ૩ | શ્રી છોટુભાઇ એમ.પટેલ | ભરૂચ | રોડ ટ્રાન્સપોર્ટ, ઉદ્યોગ અને ઉર્જા. |
| ૪ | શ્રી બહાદુરભાઇ કુંથાભાઇ પટેલ | ડાંગ | કૃષિ અને વન. |
| ૫ | શ્રી માલદેવજી માંડલિકજી ઓડેદરા | જૂનાગઢ | નાણા.<br>ઉક્ત વિષય ઉપરાંત તા.૧૫-૪-૬૧થી 'શ્રમ' |
| ૬ | શ્રી અકબરઅલી એ.જસદણવાલા | રાજકોટ | જમીન, વસવાટ નિયંત્રણ અને મત્સ્યોદ્યોગ. |
| ૭ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ | સુરત | નશાબંધી અને આબકારી, સમાજ કલ્યાણ અને પુનર્વસન. |
| ૮ | શ્રીમતી કમલાબેન મગનલાલ પટેલ | ખેડા | આરોગ્ય અને જેલ. |

*****

# બીજું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- ડો.જીવરાજ નારાયણ મહેતા**

**સમયગાળો:- તા.૮-૩-૧૯૬૨ થી તા.૧૮-૯-૧૯૬૩**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી:**<br>ડો.જીવરાજ નારાયણ મહેતા | અમરેલી | સામાન્ય વહીવટ વિભાગ, આયોજન અને નાણા.<br>ઉક્ત વિષયો ઉપરાંત તા.૯-૯-૬૩ થી તા.૧૦-૯-૬૩ સુધી ક્રમાંક-૧ અને ૨ પરના મંત્રીશ્રીઓના વિષયો તથા તા.૧૦-૯-૬૩થી આ પૈકી ઉદ્યોગ ઊર્જા, મત્સ્યોદ્યોગ અને માહિતી. |

**મંત્રીશ્રીઓ:**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી રસીકલાલ ઉમેદચંદ પરીખ<br>(તા.૭-૯-૬૩ના રોજ રાજીનામું) | સુરેન્દ્રનગર | ગૃહ, માહિતી, ઊર્જા,બંદરો, મત્સ્યોદ્યોગ, ઉદ્યોગ. |
| ૨ | શ્રી રતુભાઇ મૂળશંકર અદાણી<br>(તા.૭-૯-૬૩ના રોજ રાજીનામું) | જૂનાગઢ | સહકાર, કોમ્યુનિટી પ્રોજેક્ટ, પંચાયત, માર્ગ અને મકાન, સર્વોદય. |
| ૩ | શ્રીમતી ઇન્દુમતી ચીમનલાલ | અમદાવાદ | શિક્ષણ, સમાજ કલ્યાણ, નશાબંધી અને આબકારી,પુનર્વસન. |
| ૪ | શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ | સુરત | મહેસૂલ, વસવાટ નિયંત્રણ, કાયદો અને ન્યાયતંત્ર.<br>ઉપરાંત તા.૧૦-૯-૬૩થી ગૃહ. |
| ૫ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી | મહેસાણા | જળસંપત્તિ, નાગરિક પુરવઠો, માર્ગ વાહનવ્યવહાર અને મ્યુનિસિપાલિટીઓ.<br>ઉપરાંત તા.૧૦-૯-૬૩થી માર્ગ અને મકાન અને બંદરો. |
| ૬ | શ્રી ઉત્સવભાઇ શંકરલાલ પરીખ | ખેડા | કૃષિ અને વન.<br>ઉપરાંત તા.૧૦-૯-૬૩થી પંચાયત, કોમ્યુનિટી ડેવલોપમેન્ટ અને સર્વોદય. |
| ૭ | શ્રી મોહનલાલ પોપટલાલ વ્યાસ | અમદાવાદ | આરોગ્ય, શ્રમ, હાઉસીંગ અને જેલ.<br>ઉપરાંત તા.૧૦-૯-૬૩થી સહકાર. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી બહાદુરભાઇ કુંથાભાઇ પટેલ | ડાંગ | માર્ગ અને મકાન, જળસંપત્તિ. |
| ૨ | શ્રી માલદેવજી માંડલિકજી ઓડેદરા | જૂનાગઢ | નાણા અને આયોજન. |
| ૩ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ | સુરત | આરોગ્ય અને જેલ. |
| ૪ | શ્રી દેવેન્દ્રભાઇ મોતીભાઇ દેસાઇ | ભાવનગર | સહકાર, કોમ્યુનિટી પ્રોજેક્ટ અને પંચાયત. |
| ૫ | શ્રી રમણીકલાલ ત્રિકમલાલ મણિયાર | મહેસાણા | ગૃહ અને ઉદ્યોગ.<br>ઉપરાંત તા.૨૭-૪-૬૨થી બંદરો. |
| ૬ | શ્રી મનુભાઇ મોતીભાઇ પટેલ | વડોદરા | શિક્ષણ, સમાજ કલ્યાણ, નશાબંધી અને પુનર્વસન.<br>તા.૧૯-૭-૬૨થી ઉક્ત વિષયોને બદલે શિક્ષણ, નશાબંધી અને વાહનવ્યવહાર.<br>તા.૩-૭-૬૩થી ઉક્ત વિષયોને બદલેશિક્ષણ, સમાજ કલ્યાણ, નશાબંધી અને વાહનવ્યવહાર. |
| ૭ | શ્રી માધવસિંહ કુલસિંહ સોલંકી | ખેડા | મહેસૂલ અને વસવાટ નિયંત્રણ. |
| ૮ | શ્રી ભાનુપ્રસાદ વાલજીભાઇ પંડ્યા | અમદાવાદ | કૃષિ અને વન. |

*****

# ત્રીજું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- શ્રી બલવંતરાય મહેતા**
**સમયગાળો:- તા.૧૯-૯-૧૯૬૩ થી તા.૨૦-૯-૧૯૬૫**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી બલવંતરાય ગોપાલજી મહેતા | ભાવનગર | સામાન્ય વહીવટ,આયોજન,નાણા, ઉદ્યોગ અને વીજળી. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ | સુરત | ગૃહ,માહિતી,કાયદો, ન્યાયતંત્ર, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જેલ,વસવાટ નિયંત્રણ, સરકારી પ્રિન્ટીંગ અને સ્ટેશનરી. |
| ૨ | શ્રીમતી ઇન્દુમતી ચીમનલાલ | અમદાવાદ | શિક્ષણ, સમાજ કલ્યાણ,નશાબંધી અને આબકારી, પુન:વસન. |
| ૩ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી | મહેસાણા | પબ્લીક વર્કસ,બંદરો,નાગરિક પુરવઠો. |
| ૪ | શ્રી ઉત્સવભાઇ શંકરલાલ પરીખ | ખેડા | મહેસૂલ,કૃષિ, વન, મત્સ્યોદ્યોગ. |
| ૫ | શ્રી મોહનલાલ પોપટલાલ વ્યાસ | અમદાવાદ | આરોગ્ય, શ્રમ અને હાઉસીંગ. |
| ૬ | શ્રી વજુભાઇ મણીલાલ શાહ | રાજકોટ | પંચાયત, કોમ્યુનિટી પ્રોજેક્ટ,સહકાર, સર્વોદય, મ્યુનિસિપાલિટી અને માર્ગ વ્યવહાર. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી બહાદુરભાઇ કુંથાભાઇ પટેલ | ડાંગ | પબ્લીક વર્કસ,બંદરો.<br>તા.૩૦-૯-૬૩થી ઉક્ત વિષયોને બદલે નીચે મુજબના વિષયો :<br>પબ્લીક વર્કસ (સિંચાઇ સિવાય), બંદરો. |
| ૨ | શ્રી માલદેવજી માંડલિકજી ઓડેદરા | જૂનાગઢ | આયોજન,નાણા, ગૃહ.<br>ઉપરાંત તા.૭-૧૦-૬૩થી મ્યુનિસિપાલિટીઓ.<br>તા.૨૪-૧-૬૪થી ઉક્ત વિષયોને બદલે આયોજન,નાણા, ઉદ્યોગ, વીજળી.<br>ઉપરાંત તા.૨૨-૧૦-૬૪થી સુવર્ણ નિયંત્રણ, મોઝામ્બિક,બર્મા,ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકાથી પાછા ફરેલા ભારતીયો.<br>તા.૪-૧૨-૬૪થી ઉક્ત વિષયોને બદલે આયોજન,નાણા, ઉદ્યોગો, વીજળી, સુવર્ણ નિયંત્રણ, મોઝામ્બિક, બર્મા, ઝાંઝીબાર, પૂર્વ આફ્રિકાથી પાછા ફરેલા ભારતીયો, મુલકી પુરવઠા. |
| ૩ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ | સુરત | આરોગ્ય, જેલ, સમાજ કલ્યાણ અને નાગરિક પુરવઠો.<br>તા.૪-૧૨-૬૪થી ઉક્ત વિષયોને બદલે આરોગ્ય,જેલ, સમાજ કલ્યાણ અને ગૃહનિર્માણ. |
| ૪ | શ્રી દેવેન્દ્રભાઇ મોતીભાઇ દેસાઇ | ભાવનગર | પંચાયત, કોમ્યુનિટી પ્રોજેક્ટ, સર્વોદય, ઉદ્યોગ,વીજળી.<br>ઉપરાંત તા.૧૯-૯-૬૩થી સહકાર.<br>તા.૨૪-૧-૬૪થી ઉક્ત વિષયોને બદલે પંચાયતો, કોમ્યુનિટી પ્રોજેક્ટ, સર્વોદય, સહકાર, માર્ગ વ્યવહાર,મ્યુનિસિપાલિટીઓ. |
| ૫ | શ્રી માધવસિંહ કૂલસિંહ સોલંકી | ખેડા | મહેસૂલ, કૃષિ, વન અને વસવાટ નિયંત્રણ.<br>તા.૩૦-૯-૬૩થી ઉક્ત વિષયોને બદલે મહેસૂલ,વન અને વસવાટ નિયંત્રણ.<br>ઉપરાંતતા.૭-૧૦-૧૯૬૩થી મ્યુનિસિપાલિટી.<br>તા.૨૪-૧-૬૪થી ઉક્ત વિષયોને બદલે મહેસૂલ, જંગલો, ગૃહ, વસવાટ નિયંત્રણ. |
| ૬ | શ્રી ભાનુપ્રસાદ વાલજીભાઇ પંડ્યા | અમદાવાદ | શિક્ષણ, નશાબંધી અને આબકારી. |
| ૭ | શ્રી જયરામ આણંદ પટેલ<br>(તા.૨૫-૯-૬૩ના રોજ નિમણૂક) | રાજકોટ | કૃષિ અને સિંચાઇ. |

*****

# ચોથું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ**
**સમયગાળો:- તા.૨૦-૯-૧૯૬૫ થી તા.૩૦-૯-૧૯૬૫**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ | સુરત | સામાન્ય વહીવટ,આયોજન,નાણા, ઉદ્યોગો, વીજળી, ગૃહ, માહિતી, કાયદો, ન્યાયતંત્ર, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જેલો, વસવાટ નિયંત્રણ, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની બાબતો. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી ઇન્દુમતી ચીમનલાલ | અમદાવાદ | શિક્ષણ, સમાજ કલ્યાણ, નશાબંધી અને આબકારી, પુનર્વસવાટ. |
| ૨ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી | મહેસાણા | જાહેર બાંધકામ, બંદરો, નાગરિક પુરવઠો. |
| ૩ | શ્રી ઉત્સવભાઇ શંકરલાલ પરીખ | ખેડા | મહેસૂલ, ખેતી, વન, મત્સ્યોદ્યોગ. |
| ૪ | શ્રી મોહનલાલ પોપટલાલ વ્યાસ | અમદાવાદ | આરોગ્ય, મજૂર,ગૃહનિર્માણ. |
| ૫ | શ્રી વજુભાઇ મણીલાલ શાહ | રાજકોટ | પંચાયતો,સમૂહવિકાસયોજનાઓ,સહકાર,સર્વોદય,નગરપાલિકાઓ,માર્ગવાહનવ્યવહાર. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી બહાદુરભાઇ કુંથાભાઇ પટેલ | ડાંગ | જાહેર બાંધકામ (સિંચાઇ સિવાય),બંદરો. |
| ૨ | શ્રી માલદેવજી માંડલીકજી ઓડેદરા | જૂનાગઢ | આયોજન,નાણા, ઉદ્યોગ, વીજળી, સુવર્ણ નિયંત્રણ અને મોઝામ્બિક, બર્મા, ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકાથી પાછા ફરેલા ભારતીયો, નાગરિક પુરવઠો. |
| ૩ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ | સુરત | આરોગ્ય, જેલો, સમાજ કલ્યાણ,ગૃહનિર્માણ. |
| ૪ | શ્રી દેવેન્દ્રભાઇ મોતીભાઇ દેસાઇ | ભાવનગર | પંચાયતો,સમૂહવિકાસયોજનાઓ, સર્વોદય,સહકાર,માર્ગ વાહનવ્યવહાર, નગરપાલિકાઓ. |
| ૫ | શ્રી માધવસિંહ કૂલસિંહ સોલંકી | ખેડા | મહેસૂલ, વન, ગૃહ, વસવાટ નિયંત્રણ. |
| ૬ | શ્રી ભાનુપ્રસાદ વાલજીભાઇ પંડ્યા | અમદાવાદ | શિક્ષણ, નશાબંધી અને આબકારી. |
| ૭ | શ્રી જયરામ આણંદભાઇ પટેલ | રાજકોટ | ખેતી, સિંચાઇ. |

*****

# પાંચમું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ**
**સમયગાળો:- તા.૧-૧૦-૧૯૬૫ થી તા.૪-૩-૧૯૬૭**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ | સુરત | સામાન્ય વહીવટ, આયોજન, ગૃહ, માહિતી, કાયદો અને ન્યાયતંત્ર. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી ઇન્દુમતી ચીમનલાલ | અમદાવાદ | શિક્ષણ, સમાજ કલ્યાણ, નશાબંધી અને આબકારી, પુનર્વસવાટ, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |
| ૨ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી | મહેસાણા | જાહેર બાંધકામ, બંદરો, નાગરિક પુરવઠો, વીજળી. |
| ૩ | શ્રી ઉત્સવભાઇ શંકરલાલ પરીખ | ખેડા | મહેસૂલ, ખેતી, ઉદ્યોગો. |
| ૪ | શ્રી મોહનલાલ પોપટલાલ વ્યાસ | અમદાવાદ | આરોગ્ય, મજૂર,ગૃહનિર્માણ. |
| ૫ | શ્રી વજુભાઇ મણીલાલ શાહ | રાજકોટ | પંચાયતો, સમૂહવિકાસ યોજનાઓ, સહકાર, સર્વોદય, નગરપાલિકાઓ, માર્ગ વાહનવ્યવહાર, જેલો. |
| ૬ | શ્રી માલદેવજી માંડલિકજી ઓડેદરા | જૂનાગઢ | નાણા, વન, મત્સ્યોદ્યોગ, વસવાટ નિયંત્રણ, સરકારી મુદ્રણ અને લેખન-સામગ્રી, સુવર્ણ-નિયંત્રણ અને મોઝામ્બિક, બર્મા, ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકાથી પાછા ફરેલા ભારતીયો. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી બહાદુરભાઇ કુંથાભાઇ પટેલ | ડાંગ | જાહેર બાંધકામ (સિંચાઇ સિવાય), બંદરો.<br>ઉપરાંત તા.૧૫-૧૦-૬૫થી પ્રવાસન. |
| ૨ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ | સુરત | આરોગ્ય, જેલો, સમાજ કલ્યાણ, ગૃહનિર્માણ. |
| ૩ | શ્રી દેવેન્દ્રભાઇ મોતીભાઇ દેસાઇ | ભાવનગર | પંચાયતો, સમૂહવિકાસ યોજનાઓ, સર્વોદય, સહકાર, ઉદ્યોગો.<br>ઉપરાંત તા.૧૫-૧૦-૬૫થી નગરપાલિકાઓ. |
| ૪ | શ્રી માધવસિંહ કુલસિંહ સોલંકી | ખેડા | મહેસૂલ, ગૃહ, આયોજન, કાયદો અને ન્યાયતંત્ર. |
| ૫ | શ્રી ભાનુપ્રસાદ વાલજીભાઇ પંડ્યા | અમદાવાદ | શિક્ષણ, નશાબંધી અને આબકારી.<br>ઉપરાંત તા.૧૫-૧૦-૬૫થી રમતગમત. |
| ૬ | શ્રી જયરામ આણંદભાઇ પટેલ | રાજકોટ | ખેતી, સિંચાઇ, વીજળી.<br>ઉપરાંત તા.૧૫-૧૦-૬૫થી 'નાગરિક પુરવઠો'. |

*****

## છઠ્ઠું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ**
**સમયગાળો:- તા.૫-૩-૧૯૬૭ થી તા.૭-૪-૧૯૭૧**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ | સુરત | સામાન્ય વહીવટ, આયોજન, ગૃહ, માહિતી, ઉદ્યોગનીતિ.<br>ઉપરાંત તા.૧૦-૧૨-૭૦થી ઉદ્યોગો.<br>ઉપરાંત તા.૧૧-૧-૭૧થી શિક્ષણ, નગરપાલિકાઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઠાકોરભાઇ મણીભાઇ દેસાઇ | સુરત | પંચાયતો, સમૂહવિકાસ યોજનાઓ, સહકાર, ખેતી, વન, સર્વોદય. |
| ૨ | શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ | ખેડા | જાહેર બાંધકામ, વીજળી, નાગરિક પુરવઠો.<br>ઉપરાંત તા.૧૦-૧૨-૭૦થી 'નાણા'. |
| ૩ | શ્રી જશવંતરાય નાનુભાઇ મહેતા<br>(તા.૧૦-૧૦-૭૦ના રોજરાજીનામું) | અમરેલી | નાણા, ઉદ્યોગો. |
| ૪ | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા (તા.૧૧-૧-૭૧ના રોજરાજીનામું) | સુરત | શિક્ષણ, નગરપાલિકાઓ.<br>ઉપરાંત તા.૧૦-૧૨-૭૦થી 'સાંસ્કૃતિકપ્રવૃત્તિઓ.' |
| ૫ | શ્રી ફતેસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડ | વડોદરા | આરોગ્ય, મત્સ્યોદ્યોગ, જેલો.<br>ઉપરાંત તા. ૧૦-૧૨-૭૦થી 'રમતગમત.' |
| ૬ | શ્રી પ્રેમજીભાઇ ભવાનજીભાઇ ઠક્કર | કચ્છ | મહેસૂલ, કાયદો અને ન્યાયતંત્ર, બંદરો, વસવાટ નિયંત્રણ, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, સુવર્ણનિયંત્રણ,મોઝામ્બિક, બર્મા, ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકામાંથી પાછા ફરેલા ભારતીયો.<br>તા.૧૦-૧૨-૭૦થી ઉક્ત વિષયો ઉપરાંત સંસદીય બાબતો, જન સંપર્ક. |
| ૭ | શ્રી શાન્તિલાલ રણછોડદાસ શાહ | અમદાવાદ | મજૂર, સમાજ-કલ્યાણ, નશાબંધી અને આબકારી, પુનર્વસવાટ, ગૃહ-નિર્માણ.<br>ઉપરાંત તા.૧૦-૧૨-૭૦થી માર્ગ વાહનવ્યવહાર. |
| ૮ | શ્રી ચીમનભાઇ જીવાભાઇ પટેલ<br>(તા.૧૦-૧૨-૭૦ના રોજરાજીનામું) | વડોદરા | માર્ગ વાહનવ્યવહાર, સંસદીય બાબતો, જન સંપર્ક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી માધવલાલ ભાઇલાલ શાહ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | ખેડા | ખેતી, પંચાયતો, સહકાર, સર્વોદય.<br>ઉપરાંત તા.૨૫-૪-૬૭થી 'સમૂહવિકાસ યોજનાઓ'. |
| ૨ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | સુરત | જાહેર બાંધકામ (સિંચાઇ સિવાય), આરોગ્ય. |
| ૩ | શ્રી જયરામ આણંદભાઇ પટેલ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | રાજકોટ | ગૃહ, માહિતી, સિંચાઇ, વીજળી, નાગરિક પુરવઠો. |
| ૪ | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ | બનાસકાંઠા | મહેસૂલ. |
| ૫ | શ્રી હિંમતભાઇ મથુરભાઇ રજવાડી | ભરૂચ | સમાજ કલ્યાણ, નશાબંધી અને આબકારી. |
| ૬ | શ્રી પરમાનંદદાસ જીવાભાઇ ઓઝા<br>(તા.૮-૩-૬૭ના રોજનિમણૂક) | જૂનાગઢ | વન.<br>ઉપરાંત તા.૨૫-૪-૬૭થી માર્ગ વાહનવ્યવહાર. |

**તા. ૮-૩-૭૧ના રોજ મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું, ૮ નવા મંત્રીશ્રીઓ નિમાયા તે પૈકી ૩ નાયબ મંત્રીશ્રી તરીકે હતા તેમાંથી નિમાયા તથા ૭ નાયબ મંત્રીશ્રીઓ નવા નિમાયા તથા વિષયોની પુન:ફાળવણી કરવામાં આવી.**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ | સુરત | સામાન્ય વહીવટ, આયોજન, ગૃહ (સ્પેશ્યલ), માહિતી, ઉદ્યોગનીતિ, ઉદ્યોગો, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઠાકોરભાઇ મણીભાઇ દેસાઇ | સુરત | પંચાયતો, સમૂહવિકાસ યોજનાઓ, વન, સર્વોદય. |
| ૨ | શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ | ખેડા | નાણા, પાટનગર યોજના, સિંચાઇ યોજનાઓ.<br>ઉપરાંત તા.૨૯-૩-૭૧થી સહકાર અને નગરપાલિકાઓ. |
| ૩ | શ્રી ફતેસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડ<br>(તા.૧૪-૩-૭૧ના રોજરાજીનામું) | વડોદરા | આરોગ્ય, મત્સ્યોદ્યોગ, જેલો, રમતગમત. |
| ૪ | શ્રી પ્રેમજીભાઇ ભવાનજીભાઇ ઠક્કર | કચ્છ | મહેસૂલ, વસવાટ નિયંત્રણ, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, સુવર્ણ-નિયંત્રણ, પાછા ફરેલા ભારતીયો. |
| ૫ | શ્રી શાન્તિલાલ રણછોડદાસ શાહ | અમદાવાદ | મજૂર, પુનર્વસવાટ, ગૃહનિર્માણ, માર્ગ વાહનવ્યવહાર. |
| ૬ | શ્રી માધવલાલ ભાઇલાલ શાહ<br>(તા.૭-૩-૭૧ સુધી નાયબ મંત્રીશ્રી)<br>(તા.૨૯-૩-૭૧ના રોજરાજીનામું) | ખેડા | સહકાર, નગરપાલિકાઓ. |
| ૭ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ<br>(તા.૭-૩-૭૧ સુધી નાયબ મંત્રી) | સુરત | સમાજ કલ્યાણ, નશાબંધી અને આબકારી, તાંત્રિક શિક્ષણ.<br>તા.૧૪-૩-૭૧થી ઉક્ત વિષયને બદલે આરોગ્ય, સમાજ-કલ્યાણ, જેલ, નશાબંધી અને આબકારી. |
| ૮ | શ્રી જયરામ આણંદભાઇ પટેલ<br>(તા.૭-૩-૭૧ સુધી નાયબ મંત્રીશ્રી) | રાજકોટ | ગૃહ, નાગરિક પુરવઠો, બંદરો, જન સંપર્ક. |
| ૯ | શ્રી જયદીપસિંહ સુભગસિંહજી<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | પંચમહાલ | ખેતી, પ્રવાસન, વ્યાયામ શિક્ષણ.<br>તા.૧૪-૩-૭૧થી ઉક્ત વિષયોને બદલે ખેતી, મત્સ્યોદ્યોગ, પ્રવાસન, વ્યાયામ શિક્ષણ, રમતગમત. |
| ૧૦ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | મહેસાણા | કાયદો અને ન્યાયતંત્ર, સંસદીય બાબતો, ખાણ અને વીજળી. |
| ૧૧ | શ્રી મનુભાઇ રાજારામ પંચોલી<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | ભાવનગર | શિક્ષણ.<br>તા.૧૪-૩-૭૧થી ઉક્ત વિષયને બદલે શિક્ષણ (તાંત્રિક શિક્ષણ સહિત) |
| ૧૨ | શ્રી પુરૂષોત્તમદાસ રણછોડદાસ પટેલ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | મહેસાણા | સિંચાઇ(સિંચાઇ યોજનાઓ સિવાય). |
| ૧૩ | શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | વડોદરા | રસ્તા અને મકાનો. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ | બનાસકાંઠા | મહેસૂલ, શિક્ષણ. |
| ૨ | શ્રી હિંમતભાઇ મથુરભાઇ રજવાડી | ભરૂચ | રસ્તા અને મકાનો. |
| ૩ | શ્રી પરમાનંદદાસ જીવાભાઇ ઓઝા | જૂનાગઢ | વન, માર્ગ વાહનવ્યવહાર, સિંચાઇ (સિંચાઇ યોજના સિવાય). |
| ૪ | શ્રી વિનોદચંદ્ર ચુનીલાલ શાહ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | ભરૂચ | આયોજન, ઉદ્યોગો, માહિતી, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પંચાયતો. |
| ૫ | શ્રી અનવરબેગ અહમદબેગ મીરઝા<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક)<br>(તા.૩૧-૩-૭૧ના રોજરાજીનામું) | ખેડા | મત્સ્યોદ્યોગ, બચત, સંસદીય બાબતો. |
| ૬ | શ્રી ધર્મેન્દ્રજી બહાદુરસિંહજી રાણા<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | સુરેન્દ્રનગર | ખેતી, પ્રવાસન. |
| ૭ | શ્રી નાગજીભાઇ ગોવિંદભાઇ આર્ય<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | વડોદરા | હરિજન કલ્યાણ. |
| ૮ | શ્રી ડાહ્યાભાઇ બાવલભાઇ જાદવ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | અમદાવાદ | આરોગ્ય. |
| ૯ | શ્રી ભાણજીભાઇ ભીમજીભાઇ પટેલ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | જામનગર | વીજળી. |
| ૧૦ | શ્રી જમુભાઇ પુંજીરામ ભટ્ટ<br>(તા.૮-૩-૭૧ના રોજનિમણૂક) | સાબરકાંઠા | સહકાર, નગરપાલિકાઓ. |

*****

## સાતમું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ**
**સમયગાળો:- તા.૭–૪–૧૯૭૧ થી તા.૧૩–૫–૧૯૭૧**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી:**<br>શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઇ<br>(તા.૭–૪–૧૯૭૧ના રોજ નિમણૂક) | સુરત | સામાન્ય વહીવટ, આયોજન, ગૃહ (સ્પેશ્યલ), માહિતી, ઉદ્યોગનીતિ, ઉદ્યોગો, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |

*** મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઠાકોરભાઇ મણીભાઇ દેસાઇ | સુરત | પંચાયતો, સમૂહવિકાસ યોજનાઓ, વન, સર્વોદય. |
| ૨ | શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ | ખેડા | નાણા, પાટનગર યોજના, સિંચાઇ યોજનાઓ, નગરપાલિકાઓ. |
| ૩ | શ્રી પ્રેમજીભાઇ ભવાનજી ઠક્કર | કચ્છ | મહેસૂલ, વસવાટ નિયંત્રણ, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, સુવર્ણ નિયંત્રણ, પાછા ફરેલા ભારતીયો. |
| ૪ | શ્રી શાન્તિલાલ રણછોડદાસ શાહ | અમદાવાદ | મજૂર, પુનર્વસવાટ, ગૃહનિર્માણ, માર્ગ વાહનવ્યવહાર. |
| ૫ | શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ | સુરત | આરોગ્ય, સમાજ કલ્યાણ. |
| ૬ | શ્રી જયરામભાઇ આણંદભાઇ પટેલ | રાજકોટ | ગૃહ, જનસંપર્ક, નાગરિક પુરવઠો, સહકાર. |
| ૭ | શ્રી જયદિપસિંહજી સુભગસિંહજી | પંચમહાલ | ખેતી, પ્રવાસન, મત્સ્યોદ્યોગો, રમતગમત, વ્યાયામ શિક્ષણ. |
| ૮ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી | મહેસાણા | કાયદો અને ન્યાયતંત્ર, સંસદીય બાબતો, ખાણ, વીજળી. |
| ૯ | શ્રી મનુભાઇ રાજારામ પંચોલી | ભાવનગર | શિક્ષણ. |
| ૧૦ | શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ પટેલ | મહેસાણા | સિંચાઇ(સિંચાઇ યોજનાઓ સિવાય). |
| ૧૧ | શ્રી જશવંતરાય સૌભાગ્યચંદ શાહ | વડોદરા | રસ્તા અને મકાનો, બંદરો. |
| ૧૨ | શ્રી હિંમતભાઇ મથુરભાઇ રજવાડી | ભરૂચ | જેલો, નશાબંધી અને આબકારી. |

*** નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ | બનાસકાંઠા | મહેસૂલ. |
| ૨ | શ્રી પરમાનંદદાસ જીવાભાઇ ઓઝા | જૂનાગઢ | વન, સિંચાઇ (સિંચાઇ યોજનાઓ સિવાય). |
| ૩ | શ્રી વિનોદચંદ્ર ચુનીલાલ શાહ | ભરૂચ | આયોજન, ઉદ્યોગો, માહિતી, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |
| ૪ | શ્રી અનવરબેગ અહમદબેગ મીરઝા | ખેડા | નાગરિક પુરવઠો, મત્સ્યોદ્યોગ, નાની બચત, સંસદીય બાબતો. |
| ૫ | શ્રી ધર્મેન્દ્રસિંહજી બહાદુરસિંહજી રાણા | સુરેન્દ્રનગર | ખેતી અને પ્રવાસન. |
| ૬ | શ્રી નાગરજીભાઇ ગોવિંદભાઇ આર્ય | વડોદરા | હરિજન કલ્યાણ, જેલો, માર્ગ વાહનવ્યવહાર. |
| ૭ | શ્રી ડાહ્યાભાઇ બાવલભાઇ જાદવ | અમદાવાદ | ગૃહ, કાયદો અને ન્યાયતંત્ર. |
| ૮ | શ્રી ભાણજીભાઇ ભીમજીભાઇ પટેલ | જામનગર | વીજળી. |
| ૯ | શ્રી જમુભાઇ પુંજીરામ ભટ્ટ | સાબરકાંઠા | સહકાર, નગરપાલિકાઓ. |
| ૧૦ | શ્રી રામજીભાઇ રૂપાભાઇ ચૌધરી | સુરત | આદિવાસી કલ્યાણ, ગૃહનિર્માણ. |
| ૧૧ | શ્રી ઇન્દુભાઇ ચતુરભાઇ પટેલ | ખેડા | પંચાયતો, સમૂહવિકાસ યોજનાઓ,શિક્ષણ, રમતગમત. |
| ૧૨ | શ્રી ત્રિકમલાલ જમનાદાસ પટેલ | અમદાવાદ | ગૃહ(સ્પેશ્યલ). |
| ૧૩ | શ્રી ગુમાનસિંહજી વિરમસિંહજી વાઘેલા | બનાસકાંઠા | રસ્તા અને મકાનો. |

*તમામ મંત્રીશ્રીઓ તથા નાયબ મંત્રીશ્રીઓની તા.૮–૪–૧૯૭૧ના રોજ નિમણૂક કરવામા આવી.

*****

# આઠમું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- શ્રી ઘનશ્યામભાઇ છોટાલાલ ઓઝા**
**સમયગાળો:- તા.૧૭–૩–૭૨ થી તા.૧૭–૭–૭૩**

**તા.૧૭–૩–૭૨ના રોજ મુખ્યમંત્રીશ્રી/મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓની નિમણૂક કરવામાં આવી અને કેબીનેટ મંત્રીશ્રીઓને તા.૧૭–૩–૭૨ના રોજ વિષયોની ફાળવણી કરવામાં આવી તથા નાયબ મંત્રીશ્રીઓને તા.૨૧–૩–૭૨ના રોજ વિષયોની ફાળવણી કરવામાં આવી.**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી ઘનશ્યામભાઇ છોટાલાલ ઓઝા | અમદાવાદ | સામાન્ય વહીવટ, આયોજન, ગૃહ અને અન્ય મંત્રીશ્રીઓને ફાળવવામાં આવ્યા ન હોય તેવા બીજા વિષયો. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી રતુભાઇ મુળશંકર અદાણી | જૂનાગઢ | ખેતી, વન, સહકાર (ખાદી બોર્ડ સહિત), પંચાયતો અને સંસદીય બાબતો. |
| ૨ | શ્રી કાન્તિલાલ કુલચંદ ઘીયા | અમદાવાદ | નાણા.<br>ઉપરાંત તા.૧૮–૩–૭૨થી 'કાયદો અને ન્યાયતંત્ર'. |
| ૩ | શ્રી ચીમનભાઇ જીવાભાઇ પટેલ | વડોદરા | ઉદ્યોગ અને વીજળી. |
| ૪ | શ્રી જશવંતરાય નાનુભાઇ મહેતા | અમરેલી | જાહેર બાંધકામ. |
| ૫ | શ્રી ગોરધનદાસ રણછોડદાસચોખાવાલા | સુરત | શિક્ષણ અને સમાજ કલ્યાણ. |
| ૬ | ડો. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી | અમદાવાદ | આરોગ્ય અને કુટુંબ નિયોજન અને નગરપાલિકાઓ (નગર નિયોજન સહિત). |
| ૭ | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | વડોદરા | મજૂર, નાગરિક પુરવઠો અને ગૃહનિર્માણ. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | ડો. ભાનુપ્રસાદ વાલજીભાઇ પંડ્યા | અમદાવાદ | ખેતી, વન અને સમાજ કલ્યાણ. |
| ૨ | શ્રી રામજીભાઇ રાઘવજી ઠક્કર<br>(તા.૧૮–૩–૭૨ના રોજનિમણૂક) | કચ્છ | મહેસૂલ. |
| ૩ | શ્રીમતી આયશા મહમદઅલી શેખ | જૂનાગઢ | શિક્ષણ. |
| ૪ | શ્રી પ્રબોધભાઇ ચીમનલાલ રાવળ | અમદાવાદ | ગૃહ. |
| ૫ | શ્રી અમરસિંહ ભિલાભાઇ ચૌધરી | સુરત | રસ્તા અને મકાનો.<br>ઉપરાંત તા.૧૦–૫–૭૨થી 'સિંચાઇ'.<br>ઉપરાંત તા.૨૪–૫–૭૨થી 'ગ્રામગૃહનિર્માણ'. |
| ૬ | શ્રી સોમજીભાઇ પુંજાભાઇ ડામોર | પંચમહાલ | નાગરિક પુરવઠો, ગૃહનિર્માણ. |
| ૭ | શ્રી જમનાદાસ શામજી વેકરીયા | રાજકોટ | નાની બચત, કાયદો અને ન્યાયતંત્ર.<br>ઉપરાંત તા.૭–૭–૭૨થી 'આરોગ્ય, કુટુંબ નિયોજન અને નગરપાલિકાઓ (નગર નિયોજન સહિત)'. |

**તા.૨૭–૧–૭૩ના રોજ એક મંત્રીશ્રી તથા બે નાયબ મંત્રીશ્રીઓની નિમણૂક કરીને મંત્રીમંડળનું વિસ્તરણ કરીને વિષયોની પુન:ફાળવણી કરવામાં આવી.**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી ઘનશ્યામભાઇ છોટાભાઇ ઓઝા | અમદાવાદ | સામાન્ય વહીવટ, ઉદ્યોગો અને વીજળી, ગૃહ અને અન્ય મંત્રીઓને ફાળવવામાં આવ્યા ન હોય તેવા બીજા વિષયો. |

## ગુજરાતના મંત્રીમંડળ

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી રતુભાઇ મુળશંકર અદાણી | જૂનાગઢ | ખેતી, વન, સહકાર (ખાદી બોર્ડ સહિત), પંચાયતો અને સંસદીય બાબતો. તા.૫–૩–૭૩થી ઉક્ત વિષયોને બદલે ખેતી, વન, સહકાર, ગૃહ ઉદ્યોગ, પંચાયતો અને સંસદીય બાબતો. |
| ૨ | શ્રી કાન્તિલાલ કુલચંદ ઘીયા | અમદાવાદ | નાણા, કાયદો અને ન્યાયતંત્ર. |
| ૩ | શ્રી ચીમનભાઇ જીવાભાઇ પટેલ | વડોદરા | આયોજન. |
| ૪ | શ્રી જશવંતરાય નાનુભાઇ મહેતા | અમરેલી | જાહેર બાંધકામ. |
| ૫ | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | સુરત | શિક્ષણ અને સમાજ કલ્યાણ. |
| ૬ | ડો.વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી | અમદાવાદ | આરોગ્ય અને કુટુંબ નિયોજન અને નગરપાલિકાઓ (નગર નિયોજન સહિત) |
| ૭ | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | વડોદરા | મજૂર, નાગરિક પુરવઠો અને ગૃહનિર્માણ. |
| ૮ | શ્રી માધવસિંહ કુલસિંહ સોલંકી (તા.૨૭–૧–૭૩ના રોજનિમણૂક) | ખેડા | મહેસૂલ. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | ડો.ભાનુપ્રસાદ વાલજીભાઇ પંડ્યા | અમદાવાદ | શિક્ષણ. |
| ૨ | શ્રી રામજીભાઇ રાઘવજી ઠક્કર | કચ્છ | ઉદ્યોગો અને દુષ્કાળ રાહત. ઉપરાંત તા.૭–૩–૭૩થી 'વીજળી'. |
| ૩ | શ્રીમતી આયશા મહમઅલી શેખ | જૂનાગઢ | સમાજ કલ્યાણ. |
| ૪ | શ્રી પ્રબોધભાઇ ચીમનલાલ રાવળ | અમદાવાદ | ગૃહ. |
| ૫ | શ્રી અમરસિંહ ભિલાભાઇ ચૌધરી | સુરત | રસ્તા અને મકાનો, સિંચાઇ અને ગ્રામગૃહનિર્માણ. |
| ૬ | શ્રી સોમજીભાઇ પુંજાભાઇ ડામોર | પંચમહાલ | નાગરિક પુરવઠો, ગૃહનિર્માણ. |
| ૭ | શ્રી જમનાદાસ શામજી વેકરીયા | રાજકોટ | નાની બચત, કાયદો અને ન્યાયતંત્ર, આરોગ્ય, કુટુંબ નિયોજન અને નગરપાલિકાઓ (નગર નિયોજન સહિત). |
| ૮ | શ્રી હરિસિંહ ભગુબાવા મહીડા (તા.૨૭–૧–૭૩ના રોજનિમણૂક) | ભરૂચ | પંચાયતો, સહકાર અને સંસદીય બાબતો. |
| ૯ | શ્રી કરસનદાસ હરીભાઇ ચૌધરી (તા.૨૭–૧–૭૩ના રોજનિમણૂક) | મહેસાણા | મહેસૂલ (દુષ્કાળ રાહત સિવાય), ખેતી અને વન. |

*****

# નવમું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:-શ્રી ચીમનભાઇ જીવાભાઇ પટેલ**

**સમયગાળો:-તા.૧૮–૭–૧૯૭૩ થી તા.૯–૨–૧૯૭૪**

**(૧)નાયબ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાનામંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓએ તા.૨૦–૦૭–૭૩ના રોજ બપોર બાદ તેમના હોદ્દાના અને ગુપ્તતાના સોગંદ લીધા છે.**

**(૨)મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓને તા.૨૦–૭–૭૩થી વિષયોની ફાળવણી કરવામાંઆવી.**

**(૩) રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓને તા.૨૧–૭–૭૩થી વિષયોની ફાળવણી કરવામાંઆવી.**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી ચીમનભાઇ જીવાભાઇ પટેલ<br>(તા.૧૮/૭/૭૩થી મુખ્યમંત્રી તરીકે નિયુક્ત) | વડોદરા | સામાન્ય વહીવટ, ગૃહ, ખેતી અને અન્ય મંત્રીશ્રીઓને ફાળવવામાં આવ્યા ન હોય તેવા બીજા વિષયો.<br>ઉપરાંત તા.૧૪–૧–૭૪થી 'અનાજ અને નાગરિક પુરવઠો'. |

| | | | |
|---|---|---|---|
| ૧ | **નાયબ મુખ્યમંત્રીશ્રી**<br>શ્રી કાન્તિલાલ કુલચંદ ઘીયા | અમદાવાદ | ઉદ્યોગ, વીજળી અને સહકાર.<br>ઉપરાંત તા.૧૭–૮–૭૩થી 'ડેરી વિકાસ'. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | ડો.અમુલ મગનલાલ દેસાઇ<br>(તા.૭–૨–૭૪ના રોજમંત્રીમંડળમાંથી પડતા મૂકાયા) | વલસાડ | નાણા અને આયોજન. |
| ૨ | ડો.ઠાકોરભાઇ વિઠ્ઠલભાઇ પટેલ | વડોદરા | પંચાયતો, આરોગ્ય અને કુટુંબ નિયોજન. |
| ૩ | શ્રીમતી આયશા મહમદઅલી શેખ | જૂનાગઢ | શિક્ષણ(રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક બાબતો) અને મત્સ્યોદ્યોગ. |
| ૪ | શ્રી દિવ્યકાંત કુંદનલાલ નાણાવટી<br>(તા.૭–૨–૭૪ના રોજમંત્રીમંડળમાંથી પડતા મૂકાયા) | જૂનાગઢ | કાયદો, ન્યાયતંત્ર અને નગરપાલિકાઓ (નગર નિયોજન સહિત). |
| ૫ | શ્રી નરેન્દ્રસિંહજી અગરસિંહજી ઝાલા | ગાંધીનગર | મહેસૂલ, નાગરિક પુરવઠો અને સંસદીય બાબતો.<br>તા.૧૪–૧–૭૪થી ઉક્ત વિષયોને બદલે મહેસૂલ અને સંસદીય બાબતો. |
| ૬ | શ્રી ગંગારામ ચુનીલાલ રાવલ | મહેસાણા | વાહનવ્યવહાર, પ્રવાસન અને વન. |
| ૭ | શ્રી છબીલદાસ પ્રાગજીભાઇ મહેતા | ભાવનગર | જાહેર બાંધકામ. |
| ૮ | શ્રી મનસુખભાઇ છગનલાલ જોશી | રાજકોટ | મજૂર અને ગૃહનિર્માણ. |
| ૯ | શ્રી અમરસિંહ ભિલાભાઇ ચૌધરી<br>(તા.૭–૨–૭૪ના રોજમંત્રીમંડળમાંથી પડતા મૂકાયા) | સુરત | સમાજ કલ્યાણ. |

**રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા | ખેડા | ખેતી અને વાહનવ્યવહાર. |
| ૨ | શ્રી મગનભાઇ આર. બારોટ | અમદાવાદ | મજૂર, ગૃહનિર્માણ અને શિક્ષણ. |
| ૩ | શ્રી પિયુષભાઇ ઘનવંતરાય ઠાકોર | ભરૂચ | ઉદ્યોગ, વીજળી અને સહકાર. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સોમજીભાઇ પુંજાભાઇ ડામોર | પંચમહાલ | નાગરિક પુરવઠો અને વન. |
| ૨ | શ્રી રામજીભાઇ દેવજીભાઇ કરકર | જૂનાગઢ | ઉદ્યોગ, વીજળી અને સહકાર. |
| ૩ | શ્રી માનાભાઇ રેવાભાઇ ભાંભી | સાબરકાંઠા | આરોગ્ય અને કુટુંબ નિયોજન. |
| ૪ | શ્રી વિશનદાસ મંગલમલ મોતીઆણી | અમદાવાદ | સમાજ કલ્યાણ અને પ્રવાસન. |
| ૫ | શ્રી નવિનચંદ્ર પરમાણંદદાસ રવાણી<br>(તા.૭–૨–૭૪ના રોજમંત્રીમંડળમાંથી પડતા મૂકાયા) | ભાવનગર | ગૃહનિર્માણ અને આયોજન. |

**રાષ્ટ્રપતિ શાસન :**તા.૦૯–૦૨–૧૯૭૪થી તા. ૧૮–૦૬–૧૯૭૫

# દસમું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:- શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ**

**સમયગાળો:- તા.૧૮-૬-૧૯૭૫ થી તા.૧૨-૩-૧૯૭૬**

**મુખ્યમંત્રીશ્રીની નિમણૂક તા.૧૮-૬-૭૫, મંત્રીશ્રીઓની નિમણૂક/વિષય ફાળવણી તા.૧૯-૬-૭૫થી**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ | અમદાવાદ | સામાન્ય વહીવટ,નાણા, આયોજન, ઉદ્યોગ નીતિ, પાટનગર યોજના. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી | પંચમહાલ | પંચાયતો અને નાગરિક પુરવઠો. |
| ૨ | શ્રી કેશુભાઇ સવદાસ પટેલ | રાજકોટ | ખેતી, સિંચાઇ યોજનાઓ. |
| ૩ | શ્રી ભાઇલાલભાઇ ગરબડદાસ કોન્ટ્રાક્ટર | વડોદરા | વીજળી, ઉદ્યોગ, ખાણ, સંસદીય બાબતો અને વાહનવ્યવહાર. |
| ૪ | શ્રી નવિનચંદ્ર મોતીલાલ બારોટ | અમદાવાદ | મજૂર, નગરપાલિકાઓ અને નગર નિયોજન. |
| ૫ | શ્રી પોપટલાલ મુળશંકર વ્યાસ | સુરત | ગૃહ, ન્યાયતંત્ર, માહિતી અને પ્રવાસન. |
| ૬ | શ્રી લહ્યુભાઇ મોતીચંદ શેઠ | ભાવનગર | ગ્રામોદ્યોગ, સહકાર. |
| ૭ | શ્રી મોતીભાઇ રણછોડભાઇ ચૌધરી | મહેસાણા | રસ્તા અને મકાનો. |
| ૮ | શ્રી નવલભાઇ નેમચંદ શાહ | અમદાવાદ | શિક્ષણ (તાંત્રિક શિક્ષણ સહિત) અને પશુસંવર્ધન. |
| ૯ | ડો. કેશવભાઇ રતનજી પટેલ | વલસાડ | મહેસૂલ અને દુષ્કાળ રાહત. |
| ૧૦ | શ્રી મકરંદબળવંતરાય દેસાઇ | વડોદરા | ગૃહનિર્માણ અને વસવાટ નિયંત્રણ. |
| ૧૧ | શ્રી રસિકચંદ્ર દેવશંકર આચાર્ય | જૂનાગઢ | કાયદો અને જેલો. |
| ૧૨ | શ્રી વિનોદભાઇ ભગવાનદાસ શેઠ | જામનગર | બંદરો, મુદ્રણ અને લેખન સામગ્રી અને નાની બચત. |
| ૧૩ | શ્રીમતી હેમાબેન સૂર્યકાન્ત આચાર્ય | જૂનાગઢ | આરોગ્ય અને કુટુંબ નિયોજન. |
| ૧૪ | પ્રા.કરશનદાસ હીરાભાઇ સોનેરી | સાબરકાંઠા | સમાજ કલ્યાણ, રમતગમતો, યુવક કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |
| ૧૫ | શ્રી મોહનસિંહ છોટુભાઇ રાઠવા | વડોદરા | વન અને મત્સ્યોદ્યોગ. |
| ૧૬ | શ્રી શંકરભાઇ દેસાઇભાઇ વાઘેલા | ખેડા | ગ્રામગૃહનિર્માણ અને લઘુ સિંચાઇ. |
| ૧૭ | શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા | બનાસકાંઠા | નશાબંધી અને આબકારી અને સર્વોદય. |

**તા.૩-૧૦-૧૯૭૫ થી તમામને વિષયોની પુન:ફાળવણી**

| | | | |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ | અમદાવાદ | સામાન્ય વહીવટ, નાણા (કરવેરા અને સુગર-કેન સેસ સિવાય) આયોજન અને ઉદ્યોગ નીતિ. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી | પંચમહાલ | પંચાયતો અને નાગરિક પુરવઠો. |
| ૨ | શ્રી કેશુભાઇ સવદાસ પટેલ | રાજકોટ | ખેતી, સિંચાઇ યોજનાઓ (લઘુ સિંચાઇ સહિત). |
| ૩ | શ્રી ભાઇલાલભાઇ ગરબડદાસ કોન્ટ્રાક્ટર | વડોદરા | વીજળી, ઉદ્યોગ, સંસદીય બાબતો અને રમતગમતો. |
| ૪ | શ્રી નવીનચંદ્ર મોતીલાલ બારોટ | અમદાવાદ | મજૂર, નગરપાલિકાઓ અને નગર નિયોજન. |
| ૫ | શ્રી પોપટલાલ મુળશંકર વ્યાસ | સુરત | ગૃહ, ન્યાયતંત્ર, માહિતી, પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |
| ૬ | શ્રી લહ્યુભાઇ મોતીચંદ શેઠ | ભાવનગર | ગ્રામોદ્યોગ અને સહકાર. |
| ૭ | શ્રી મોતીભાઇ રણછોડભાઇ ચૌધરી | મહેસાણા | રસ્તા અને મકાનો અને પાટનગર યોજના. |
| ૮ | શ્રી નવલભાઇ નેમચંદ શાહ | અમદાવાદ | શિક્ષણ (તાંત્રિક શિક્ષણ સહિત) અને પશુસંવર્ધન. |
| ૯ | ડો. કેશવભાઇ રતનજી પટેલ | વલસાડ | મહેસૂલ અને દુષ્કાળ રાહત. |
| ૧૦ | શ્રી મકરન્દ બળવંતરાય દેસાઇ | વડોદરા | ગૃહનિર્માણ અને વસવાટ નિયંત્રણ તથા ખાણ અને ખનિજો. |
| ૧૧ | શ્રી રસિકચન્દ્ર દેવશંકર આચાર્ય | જૂનાગઢ | કાયદો અને જેલો. |
| ૧૨ | શ્રી વિનોદભાઇ ભગવાનદાસ શેઠ | જામનગર | બંદરો, મુદ્રણ અને લેખન સામગ્રી, નાનીબચત, કરવેરા અને સુગરકેન સેસ. |
| ૧૩ | શ્રીમતી હેમાબેન સૂર્યકાન્ત આચાર્ય | જૂનાગઢ | આરોગ્ય અને કુટુંબ નિયોજન. |
| ૧૪ | પ્રા. કરશનદાસ હીરાભાઇ સોનેરી | સાબરકાંઠા | સમાજ કલ્યાણ અને યુવક કલ્યાણ. |
| ૧૫ | શ્રી મોહનસિંહ છોટુભાઇ રાઠવા | વડોદરા | વન અને મત્સ્યોદ્યોગ. |
| ૧૬ | શ્રી શંકરભાઇ દેસાઇભાઇ વાઘેલા | ખેડા | ગ્રામ્ય ગૃહનિર્માણ અને વાહનવ્યવહાર. |
| ૧૭ | શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા | બનાસકાંઠા | નશાબંધી અને આબકારી, સર્વોદય અને સરકારી કર્મચારીઓની કલ્યાણ પ્રવૃત્તિઓ. |

# અગિયારમું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:-શ્રી માધવસિંહ કુલસિંહ સોલંકી**

**સમયગાળો:- તા. ૨૪-૧૨-૧૯૭૬ થી તા.૮-૪-૧૯૭૭**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી માધવસિંહ કુલસિંહ સોલંકી | ખેડા | સામાન્ય વહીવટ, આયોજન, ઉદ્યોગ, વીજળી, માહિતી અને કોઇ મંત્રીશ્રીને ફાળવવામાં આવ્યા ન હોય તેવા બીજા વિષયો. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી જશવંતરાય નાનુભાઈ મહેતા | અમરેલી | ગૃહ.<br>ઉપરાંત તા.૭-૧-૭૭થી નાગરિક પુરવઠો. |
| ૨ | શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી | મહેસાણા | નાણા, શિક્ષણ, કાયદો અને ન્યાય.<br>તા.૨૬-૧૨-૧૯૭૬થી ઉક્ત વિષયોને બદલે નાણા, શિક્ષણ (રમતગમત અને શારીરિક શિક્ષણ સિવાય) કાયદો અને ન્યાય.<br>તા.૩૧-૩-૭૭થી ઉક્ત વિષયોને બદલે નાણા (નાનીબચત સિવાય), શિક્ષણ (રમત-ગમત, શારીરિક શિક્ષણ, યુવા કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સિવાય), કાયદો અને ન્યાય. |
| ૩ | શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી | સુરત | ખેતી, વન, નશાબંધી, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ. |
| ૪ | શ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ | ખેડા | જાહેર બાંધકામ, નાગરિક પુરવઠો અને સંસદીય બાબતો.<br>તા.૨૬-૧૨-૭૬થી ઉક્ત વિષયોને બદલે જાહેર બાંધકામ (પાટનગર યોજના સિવાય) નાગરિક પુરવઠા અને સંસદીય બાબતો.<br>તા.૭-૧-૭૭થી ઉક્ત વિષયોને બદલે જાહેર બાંધકામ (પાટનગર યોજના સિવાય) અને સંસદીય બાબતો.<br>તા.૩૧-૩-૭૭થી ઉક્ત વિષયોને બદલે જાહેર બાંધકામ(પાટનગર યોજના અને બંદરો સિવાય) અને સંસદીય બાબતો. |
| ૫ | શ્રી નરસિંહભાઈ કરશનભાઈ મકવાણા | અમદાવાદ | પંચાયત, સહકાર અને કુટિર ઉદ્યોગ.<br>તા.૩૧-૩-૭૭થી ઉક્ત વિષયોને બદલે પંચાયત (ગૃહનિર્માણ સિવાય), સહકાર અને કુટિર ઉદ્યોગ. |
| ૬ | શ્રી ચીમનલાલ અમીચંદ મહેતા | રાજકોટ | મજૂર, વાહનવ્યવહાર અને જેલ. |
| ૭ | શ્રી જયદીપસિંહજી સુભગસિંહજી<br>(તા.૨૬-૧૨-૭૬થી નિમણૂક) | પંચમહાલ | આરોગ્ય અને પરિવાર નિયોજન, શહેરી વિકાસ અને ટાઉન પ્લાનીંગ, સુધારાઇઓ, પ્રવાસન, રમતગમત અને શારીરિક શિક્ષણ અને પાટનગર યોજના. |

**રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રતાપભાઈ તારાચંદ શાહ | ભાવનગર | નાણા તથા નાનીબચત અને બંદરો. |
| ૨ | શ્રી યાસિનમિયાં યુસુફમિયાં મલેક | ખેડા | મહેસૂલ, કાયદો અને ન્યાય. |
| ૩ | શ્રી ગીગાભાઈ ભાવુભાઈ ગોહિલ | ભાવનગર | પંચાયત, સહકાર અને ગૃહનિર્માણ. |
| ૪ | શ્રી હરીલાલ નાનજી પટેલ | કચ્છ | ગૃહ અને નાગરિક પુરવઠો. |
| ૫ | શ્રી મગનભાઈ રણછોડદાસ બારોટ<br>(તા.૨૫-૧૨-૭૬ના રોજ નિમણૂક) | અમદાવાદ | શિક્ષણ (રમતગમત અને શારીરિક શિક્ષણ સહિત), યુવા કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. |

**નાયબ મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | વલસાડ | વન, ગ્રામગૃહનિર્માણ, જેલ અને વાહનવ્યવહાર. |
| ૨ | શ્રી દેવજીભાઈ ભીખાભાઈ વાણવી | જૂનાગઢ | આરોગ્ય, પરિવાર નિયોજન, સમાજ કલ્યાણ અને પ્રવાસન. |
| ૩ | શ્રી ખોડીદાન ભીમજી ઝુલા | બનાસકાંઠા | ઉદ્યોગ. |
| ૪ | શ્રી મનુભાઈ નારણભાઈ કોટડીઆ | અમરેલી | ખેતી અને વીજળી. |
| ૫ | શ્રી ભાવસિંહજી દાનસિંહજી ઝાલા | મહેસાણા | જાહેર બાંધકામ. |

*****

## બારમું મંત્રીમંડળ

**મુખ્યમંત્રી:-શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ**

**સમયગાળો:- તા.૧૧-૪-૧૯૭૭ થી તા.૧૭-૨-૧૯૮૦**

| અ.નં. | નામ અને હોદ્દો | જિલ્લો | વિષયો |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ | અમદાવાદ | સામાન્ય વહીવટ, આયોજન, નાણાઅને બીજા કોઇ મંત્રીશ્રીને ફાળવવામાં આવ્યા ન હોય તેવા વિષયો. |

**મંત્રીશ્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી માણેકલાલ મગનભાઇ ગાંધી | પંચમહાલ | આદિવાસી વિકાસ, હરિજન વિકાસ, પંચાયત, વન અને પુનર્વસવાટ. |
| ૨ | શ્રી કેશુભાઇ સવદાસભાઇ પટેલ | રાજકોટ | ખેતી, પશુપાલન અને મત્સ્યોદ્યોગ, સિંચાઇ અને જાહેર બાંધકામ. |
| ૩ | શ્રી ભાઇલાલભાઇ ગરબડદાસ કોન્ટ્રાક્ટર | વડોદરા | ઉદ્યોગ, વીજળી, રમતગમત, સંસદીય બાબતો અને યુવક કલ્યાણ. |
| ૪ | શ્રી નવિનચંદ્ર મોતીલાલ બારોટ | અમદાવાદ | કાયદો, ન્યાયતંત્ર, નગર વિકાસ, નગર આયોજન, નગરપાલિકાઓ, શ્રમ અને ગૃહનિર્માણ. |
| ૫ | શ્રી પોપટલાલ મુળશંકર વ્યાસ | સુરત | ગૃહ, માહિતી, સાંસ્કૃતિક બાબતો, જેલ, ટ્રાન્સપોર્ટ અને પ્રવાસન. |
| ૬ | શ્રી લલ્લુભાઇ મોતીચંદ શેઠ | ભાવનગર | નાગરિક પુરવઠો, સર્વોદય, નશાબંધી, સમાજ કલ્યાણ અને સહકાર. |
| ૭ | શ્રી નવલભાઈ નેમચંદ શાહ | અમદાવાદ | ગ્રામ ગૃહનિર્માણ અને તબીબી શિક્ષણ સહિત શિક્ષણ. |
| ૮ | શ્રી મકરંદભાઇ બળવંતરાય દેસાઇ | વડોદરા | મહેસૂલ, આરોગ્ય, નાની બચત અને બંદરો. |

**તા.૩૦-૪-૭૭થી ફક્ત નીચેના મંત્રીશ્રીઓના વિષયોમાં ફેરફાર. માન. મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રી નવિનચંદ્ર બારોટના વિષયોમાં ફેરફાર નથી.**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી | પંચમહાલ | સમાજ કલ્યાણ (આદિજાતિ, હરિજન, અસ્થાયી અને વિમુક્ત જાતિના વિકાસ સહિત પણ સમાજ સુરક્ષા સિવાય), પંચાયત(સામૂહિક વિકાસ યોજના સિવાય), વન અને પુનર્વસવાટ (મોઝામ્બિક, બર્મા, ઝાંઝીબાર, પૂર્વ આફ્રિકા અને સિલોનમાંથી પાછા ફરેલા હિન્દી વતનીઓને અને સુવર્ણ નિયંત્રણથી અસર પામેલી વ્યકિતઓને સહાય અને તેમના પુનર્વસવાટ સિવાય). |
| ૨ | શ્રી કેશુભાઇ સવદાસભાઇ પટેલ | રાજકોટ | ખેતી, મત્સ્યોદ્યોગ, સિંચાઇ અને જાહેર બાંધકામ(બંદરો સિવાય). |
| ૩ | શ્રી ભાઇલાલભાઇ ગરબડદાસ કોન્ટ્રાક્ટર | વડોદરા | ઉદ્યોગ(કુટિર અને ગ્રામ ઉદ્યોગ સિવાય), ખાણ અને ખનિજ, વીજળી, મુદ્રણ અને લેખનસામગ્રી, રમતગમત, સંસદીય બાબતો અને યુવક કલ્યાણ. |
| ૪ | શ્રી પોપટલાલ મુળશંકર વ્યાસ | સુરત | ગૃહ, માહિતી, સાંસ્કૃતિક બાબતો, જેલ, વાહનવ્યવહાર, પ્રવાસન અને સરકારી કર્મચારીઓની કલ્યાણ પ્રવૃત્તિઓ. |
| ૫ | શ્રી લલ્લુભાઇ મોતીચંદ શેઠ | ભાવનગર | નાગરિક પુરવઠો, સામૂહિક વિકાસ યોજના, સર્વોદય, નશાબંધી, સમાજ સુરક્ષા, સહકાર અને કુટિર અને ગ્રામ ઉદ્યોગ. |
| ૬ | શ્રી નવલભાઇ નેમચંદ શાહ | અમદાવાદ | ગ્રામ ગૃહનિર્માણ, શિક્ષણ (તબીબી શિક્ષણ સહિત), પશુપાલન, ડેરી વિકાસ. |
| ૭ | શ્રી મકરંદભાઇ બળવંતરાય દેસાઇ | વડોદરા | મહેસૂલ, મોઝામ્બિક, બર્મા, ઝાંઝીબાર પૂર્વ આફ્રિકા અને સિલોનમાંથી પાછા ફરેલા હિંદી વતનીઓને અને સુવર્ણ નિયંત્રણથી અસર પામેલી વ્યકિતઓને સહાય અથવા તેમનાં પુનર્વસવાટ, આરોગ્ય, નાની બચત અને બંદરો. |

**તા.૯-૮-૭૭થી મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું. નવ મંત્રીશ્રી વધારાના નિમવામાં આવ્યા અને તમામને વિષયોની પુન:ફાળવણી કરવામાં આવી.**

| | | | |
|---|---|---|---|
| ૧ | **મુખ્યમંત્રીશ્રી :**<br>શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ | અમદાવાદ | સામાન્ય વહીવટ, એનર્જી (વીજળી સિવાય)<br>તા.૧-૩-૭૯ થી ૯-૩-૭૯ સુધી શ્રી ભાઇલાલભાઇ કોન્ટ્રાક્ટરના અવસાનથી તેમને ફાળવવામાં આવેલા વિષયો "ઉદ્યોગ, સંસદીય બાબતો, રમતગમત, મુદ્રણ અને લેખનસામગ્રી ફાળવવામાં આવ્યા." |

**મંત્રીશ્રીઓ:**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી | પંચમહાલ | પંચાયતો (સામૂહિક વિકાસ યોજના સહિત). |
| ૨ | શ્રી કેશુભાઇ સવદાસભાઇ પટેલ | રાજકોટ | ખેતી અને સિંચાઇ. |
| ૩ | શ્રી ભાઇલાલભાઇ ગરબડદાસ કોન્ટ્રાક્ટર<br>(તા.૧-૩-૭૯ના રોજઅવસાન થવાથી આ વિષયોમાન.મુખ્યમંત્રીશ્રી હસ્તક) | વડોદરા | ઉદ્યોગ, સંસદીય બાબતો અને રમતગમત.<br>તા.૧૦-૮-૭૭થી ઉક્ત વિષયોને બદલે ઉદ્યોગ, સંસદીય બાબતો રમતગમત, મુદ્રણ અને લેખન સામગ્રી. |

| | | | |
|---|---|---|---|
| ૪ | શ્રી નવીનચંદ્ર મોતીલાલ બારોટ | અમદાવાદ | શ્રમ, શહેરી વિકાસ, નગર આયોજન, મ્યુનિસિપલ સંસ્થાઓ, કાયદો અને વસવાટ.<br>તા.૧૦-૮-૭૭થી ઉક્ત વિષયોને બદલે શ્રમ, શહેરી વિકાસ, નગર આયોજન, મ્યુનિસિપલ કોર્પોરેશનો, કાયદો અને વસવાટ.<br>તા.૯-૩-૭૯ થી ૨૧-૬-૭૯ સુધી વધારાનો વિષય સંસદીય બાબતો. |
| ૫ | શ્રી પોપટલાલ મુળશંકર વ્યાસ | સુરત | ગૃહ, માહિતી, સાંસ્કૃતિક બાબતો અને પ્રવાસન.<br>તા.૯-૩-૭૯ થી ૨૧-૬-૭૯ સુધી વધારાના વિષયો ઉદ્યોગ અને રમતગમત. |
| ૬ | શ્રી લઘુભાઇ મોતીચંદ શેઠ<br>(તા.૧૨-૪-૭૯ થી ૧૧-૧૦-૭૯ સુધી ગેરહાજરી) | ભાવનગર | નાગરિક પુરવઠો, સર્વોદય, કુટિર અને ગ્રામોદ્યોગ. |
| ૭ | શ્રી નવલભાઇ નેમચંદ શાહ | અમદાવાદ | શિક્ષણ, પશુપાલન, ડેરી વિકાસ અને તબીબી શિક્ષણ.<br>તા.૯-૩-૭૯થી તા.૨૧-૬-૭૯ સુધી વધારાનો વિષય કુટિર અને ગ્રામોદ્યોગ. |
| ૮ | શ્રી મકરંદભાઇ બળવંતરાય દેસાઇ | વડોદરા | ખાણ, ખનીજ અને વીજળી, ગૃહનિર્માણ (ગ્રામ ગૃહનિર્માણ સિવાય), શહેરી અને ગ્રામ પાણી પુરવઠો અને પાણી નિકાલ વ્યવસ્થા.<br>ઉપરાંત તા.૭-૧૧-૭૭થી ગુજરાત પોટર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ. |
| ૯ | શ્રી દિનેશભાઇ વિનોદચંદ્ર શાહ<br>(તા.૯-૮-૭૭ના રોજ નિમણૂક) | મહેસાણા | આયોજન અને નાણા.<br>ઉપરાંત તા.૧-૮-૭૯ થી તા.૬-૯-૭૯ સુધી બક્ષી કમિશનની ભલામણો ઉપર સરકારે લીધેલ નિર્ણયમાંથી ઉદભવતી તમામ બાબતો. |
| ૧૦ | ડો. કેશવભાઇ રતનજી પટેલ<br>(તા.૯-૮-૭૭ના રોજ નિમણૂક) | વલસાડ | મહેસૂલ, રાહત અને પુનર્વસવાટ. |
| ૧૧ | શ્રીમતી હેમાબેન સૂર્યકાંત આચાર્ય<br>(તા.૯-૮-૭૭ના રોજ નિમણૂક) | જૂનાગઢ | તબીબી, આરોગ્ય(પાણી પુરવઠો અને પાણી નિકાલ વ્યવસ્થા સિવાય), પોષક આહાર અને સમાજ સુરક્ષા.<br>તા.૭-૧૧-૭૭ થી ઉક્ત વિષયોને બદલે તબીબી, આરોગ્ય (પાણી પુરવઠો અને પાણી નિકાલ વ્યવસ્થા) (ગુજરાત પોટર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સિવાય), પોષક આહાર અને સમાજ સુરક્ષા. |
| ૧૨ | શ્રી રસિકચંદ્ર દેવશંકર આચાર્ય<br>(તા.૯-૮-૭૭ના રોજ નિમણૂક) | જૂનાગઢ | સહકાર, ન્યાયતંત્ર અને મુદ્રણ અને લેખન સામગ્રી.<br>તા.૧૦-૮-૭૭થી ઉક્ત વિષયોને બદલે સહકાર ન્યાયતંત્ર અને નગરપાલિકાઓ.<br>તા.૯-૩-૭૯ થી ૨૧-૬-૭૯ સુધી વધારાના વિષય મુદ્રણ અને લેખન સામગ્રી. |
| ૧૩ | શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા<br>(તા.૯-૮-૭૭ના રોજ નિમણૂક) | બનાસકાંઠા | નશાબંધી, રસ્તા અને મકાનો (જાહેર બાંધકામના મહેકમ સહિત) અને સરકારી કર્મચારીઓની કલ્યાણ પ્રવૃત્તિઓ.<br>તા.૧૦-૮-૭૭થી નશાબંધી, રસ્તા અને મકાનો સરકારી કર્મચારીઓની કલ્યાણ પ્રવૃત્તિઓ. |
| ૧૪ | શ્રી શંકરભાઇ દેસાઇભાઇ વાઘેલા<br>(તા.૯-૮-૭૭ના રોજ નિમણૂક) | ખેડા | પરિવહન, જેલ અને પાટનગર યોજના. |
| ૧૫ | શ્રી ભાણજીભાઇ ભીમજીભાઇ પટેલ<br>(તા.૯-૮-૭૭ના રોજ નિમણૂક) | જામનગર | નાનીબચતો, બંદરો અને મત્સ્યોદ્યોગ. |
